અપીલ અરજી નં.૪૧૧ તા.૨૩–૩–૦૯

અરજદારઃ શ્રી ઝડફીયા સંજયભાઈ વલ્લભભાઈ
સામાવાળાઃ(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટીપી)
(૨) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

# ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઝડફીયા સંજયભાઈ વલ્લભભાઈની તા.૨૦–૨–૦૯ની અરજીથી ટી.પી.સ્કીમ એટલે શું? ટી.પી.સ્કીમ વિશે વિસ્તૃત માહિતી મુદ્દા નં.૧ થી ૪ની આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૧૧ /૨૦૦૮–૦૯

શ્રી ઝડફીયા સંજયભાઈ વલ્લભભાઈની તા.૨૦–૨–૦૯ની અરજીથી ટી.પી.સ્કીમ એટલે શું? ટી.પી.સ્કીમ વિશે વિસ્તૃત માહિતી મુદ્દા નં.૧ થી ૪ની આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પત્યુત્તર ન પાઠવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૦ તા.૩૦–૩–૦૯ થી ) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટીપી) અને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અનુક્રમે ટીપીડી/આ.નં.૯૯ તા. ૬–૪–૦૯ થી તથા ઈ.ઝેડ/આરટીઆઈ /આ.નં.૧૦૮૫ તા.૨–૪–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૨૦–૨–૦૯ ની અરજીથી ટી.પી.સ્કીમ એટલે શું? ટી.પી.સ્કીમ વિશે વિસ્તૃત માહિતી તથા ટીપી સ્કીમ બનાવતી વખતે કઈ કઈ બાબતો ઉપર લક્ષ આપવામાં આવે છે ટીપી અંતર્ગત બનતા જાહેર રોડ રસ્તા બનાવવા ખાસ કઈ બાબતો ઉપર ધ્યાન આપવામાં આવે છે તેની લંબાઈ પહોળાઈ બાબતે જો કોઈ નિયમો હોય તો તેની માહિતી તેમજ કયા સંજોગોમાં ટીપી ફેરફાર કરાય તે વિશે યોગ્ય માહિતી ટીપીના તમામ નિયમ તેમજ નાના વરાછા ખાતે ટીપી નં.૩૮ કયારે મંજુર થઈ? તેમાં કેટલી વખત ફેરફાર થયો જો ફેરફાર થયો હોય તો શા કારણે ફેરફાર કરવામાં આવ્યો વિગેરે મુદ્દા નં.૧ થી ૪ની માહિતીની માંગણી કરવામાં આવેલ. જે દિન–૩૦ માં કોઈ નિર્ણય નહીં મળવાથી વિના મૂલ્યે માહિતી મેળવવાની દાદ માંગવામાં આવેલ છે. અરજદારની તા.૨૦–૨–૦૯ ની અરજી વરાછાઝોન તરફથી આરટીઆઈ સેલ/આ.નં.૧ ૦૮૫ તા.૨૦–૨–૦૯ ના રોજ કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી શહેર વિકાસ અધિકારી ટાઉન પ્લાનીંગ તથા કાર્યપાલક ઈજનેર રોડ ડેવલપમેન્ટ વિભાગને તબદીલ કરવામાં આવેલ. શહેર વિકાસ અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી મુદ્દા નં.૪ અન્વયે નં.ટીપીડી/આ.નં.૭૯૧૯ તા.૫–૩–૦૯ થી નગર રચના અધિકારી, નગર રચના યોજનાઓ એકમ–૫, ચોથા માળ સુડા ભવન નાનપુરા સુરત ખાતે તબદીલ કરવામાં આવેલ. એડીશનલ સીટી ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી તરફથી તેઓને તબદીલ થયેલી અરજી અરજદારની જાણ હેઠળ તેઓના વિભાગને સ્પર્શતી ન હોય તેમજ આપના ખાતા મારફત સદર અરજી ટાઉન પ્લાનીંગ વિભાગમાં રવાના કરેલ હોવાથી તેઓના ખાતા મારફત કંઈ કરવાનું રહેતું નથી તેવો પ્રત્યુત્તર અરજદારની જાણ હેઠળ પાઠવવામાં આવેલ. તથા અન્ય સત્તા મંડળ નગર રચના અધિકારી, નગર રચના યોજનાઓ એકમ–૫, ચોથા માળ સુડા ભવન નાનપુરા સુરત કક્ષાએથી નં મા.અ.–૨૦૦૫ આઈ ડી. નં.૪૪/૨૨૪ તા.૧૨–૩–૦૯ થી અરજદારને મુદ્દા નં.૪ નગર રચના યોજના ૩૮ ની સરકારશ્રીની મંજુરી અંગે અંશતઃ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ટીપીડી/આ.નં.૮૨૨૦ તા.૨૦–૩–૦૯ થી મુદ્દા નં.૧ થી ૩ તથા મુદ્દા નં.૪ અંશતઃ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં માંગેલ માહિતી સુ.મ.ન.પા ની વેબ સાઈટ પર ઉપલબ્ધ હોઈ ત્યાંથી અરજદાર મેળવી શકે છે તેવું જણાવવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૦–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી એડીશનલ સીટી ઈજનેરશ્રી,અને જાહેર માહિતી અધિકારી તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેમજ અન્ય સત્તા મંડળ નગર રચના અધિકારી નગર રચના યોજના એકમ–૫, અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૪ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટીપી)(૨) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ઝડફીયા સંજયભાઈ વલ્લભભાઈ,